# નવસારીમાં અમદાવાદ એસીબીના ધામાથી પાલિકામાં ગભરાટ, અધિકારીઓના ફોન બંધ!

**બાંધકામ** મામલે એસીબીએ પાલિકામાં વિવિધ તપાસ કરી!

**ભ્રષ્ટાચારની** તપાસ થઈ રહી હોવાની પાલિકાના પરિસરમાં કાનાફૂસી

### મોટા કૌભાંડનો રેલો આવવાની ચર્ચા

યોગાનુયોગ કહો કે અમદાવાદ એસીબીની ધાક હોય, કેટલાય અધિકારીઓ આજે પાલિકામાં જોવા મળ્યા ન હતા, તો કેટલાકના તો ફોન પણ સ્વીચઓફ જોવા મળ્યા હતા. અત્રે યાદ રહે કે થોડા સમય પહેલાં જ નવસારી પાણી પુરવઠા કચેરીમાં કરોડોના કૌભાંડમાં ઈજનેરો સહિતના કર્મચારીઓની ધરપકડ થઈ છે અને તેમની સામે તપાસ ચાલી રહી છે, એ જોતાં નવસારી વિજલપોર પાલિકામાં પણ મોટા કૌભાંડનો રેલો તો આવી રહ્યો નથી ને એવી ચર્ચા ચાલી રહી છે.

નવસારી : નવસારીનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે બાંધકામ પણ વધુ થઈ રહ્યા છે, તેને પગલે બાંધકામ માટેની મંજુરીથી માંડીને પ્લાન પાસ કરાવવા સહિતની કાર્યવાહી માટે પાલિકામાં મોટું વજન મૂકવું પડતું હોવાની ફરિયાદ થતી રહે છે. હાલમાં જ એક બાંધકામ સામેની ફરિયાદ કોઈકે અમદાવાદ એસીબીમાં કરતાં આજે અમદાવાદ એસીબીએ નવસારીમાં ધામા નાંખતા નવસારી- વિજલપોર પાલિકામાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. કેટલાક અધિકારીઓની ગેરહાજરી પણ વર્તાતી હતી, તો કેટલાકના ફોન પણ સ્વીચ ઓફ થઈ ગયા હતા.

નવસારી વિજલપોર પાલિકામાં મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતો હોવાની ચર્ચા તો લાંબા સમયથી ચાલતી રહી છે. નવસારી હવે મહાનગર પાલિકા બનવાની દિશામાં છે. નવા વર્ષે એ શુકનવંતા સમાચાર આવી શકે છે. જાહેરાત તો થઈ ગઈ છે, પણ એ અંગે હજુ જાહેરનામું બહાર પડ્યું નથી. એ જાહેરનામું નવા વર્ષે બહાર પડે એવી ગણતરી મુકાય છે. આ સંજોગોમાં બાંધકામ ચારેકોર વધી રહ્યા છે.

એ પૈકી એકાદ બાંધકામ સામે એસીબીને ફરિયાદ કરવામાં આવી હતી. અમદાવાદ એસીબીને કરેલી ફરિયાદને પગલે અમદાવાદ એસીબીની ટીમે નવસારીમાં ધામા નાંખતા પાલિકાના પરિસરમાં કાનાફૂસી શરૂ થઈ હતી. એસીબીએ પાલિકામાં વિવિધ તપાસ કરી હતી અને તેને પગલે ભ્રષ્ટાચારની તપાસ થઈ રહી હોવાની ચર્ચા શરૂ થઈ હતી.

# સ્વર પ્લેટફોર્મ થકી નાગરિકો હવે વેબસાઈટ પર બોલીને અરજી કે ફરિયાદ નોંધાવી શકશે

ગાંધીનગર, તા. 28: રાજ્યના નાગરિકોનું 'ઈઝ ઓફ લિવિંગ' વધારવા માટે વિવિધ પહેલો અને યોજનાઓ અમલી બનાવી છે. 25 ડિસેમ્બરે, સુશાસન દિવસના રોજ મુખ્યમંત્રીએ લોકોને ઉપયોગી થાય તેવી નવી પહેલોનો પ્રારંભ કર્યો હતો. જેમાંની એક પહેલ છે, 'રાઈટ ટુ સીએમઓ' માટે સ્પીચ ટુ ટેક્સ્ટની સુવિધા ઊભી કરવામાં આવી છે. જેમાં સ્પીચ ટુ ટેક્સ્ટની સુવિધાથી નાગરિકો પોતાના સંદેશાઓ લખીને ટાઈપ કરવાને બદલે બોલીને ટાઈપ કરી શકશે.

મુખ્યમંત્રીના કાર્યાલય (સીએમઓ) દ્વારા કેન્દ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની ભાષિણી ટીમ (રાષ્ટ્રીય ભાષા અનુવાદ મિશન) સાથે મળીને ભાષાના અવરોધોનો દૂર કરીને ટેક્નોલોજીના ઉપયોગથી સ્વર પ્લેટફોર્મ વિકસિત કરવામાં આવ્યું છે. જેના અંતર્ગત, સીએમઓની વેબસાઈટ https://cmogujarat.gov.in/en/write-to-cmo હેઠળ 'રાઈટ ટુ સીએમઓ' માટે સ્પીચ ટુ ટેક્સ્ટની સુવિધા ઊભી કરવામાં આવી છે.

સ્પીચ ટુ ટેક્સ્ટની સુવિધાથી નાગરિકો પોતાના સંદેશાઓ લખીને ટાઈપ કરવાને બદલે બોલીને ટાઈપ કરી શકશે. SWAR (સ્પીચ એન્ડ રિટન એનાલિસિસ રિસોર્સ) પ્લેટફોર્મ અંતર્ગત સ્વદેશી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ - ભાષિણીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ટેક્નોલોજીની મદદથી રાજ્ય સરકાર વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચી શકશે. તેમજ, આ ટેક્નોલોદજી ફરિયાદ નિવારણ પદ્ધતિ અને પ્રતિસાદ પ્રણાલીને સુધારવામાં પણ મદદરૂપ થશે.

આગામી સમયમાં સ્વર પ્લેટફોર્મ મુખ્યમંત્રી કાર્યાલયની કાર્યપદ્ધતિમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરવાની વધતી જરૂરિયાત માટે કાર્ય કરશે.

# ઇ-ટેન્ડર વિના મોલાસીસ ખરીદી માટે 10 કરોડ મહુવા સુગરને આપવાનાં મુદ્દે કોંગ્રેસની તપાસની માંગ

**દર્શન** નાયકે સ્ટેટ રજિસ્ટ્રારને સુમુલના બોર્ડ વિરુદ્ધ સહકારી કાયદાની કલમ-૭૬(બી), ૮૬ અને ૯૩ ની કાર્યવાહી કરવા ફરિયાદ કરી

સુરત, બારડોલીઃ ઇ ટેન્ડર પ્રોસેસ વિના 10,000 ટન મોલાસીસ ખરીદી માટે 10 કરોડ મહુવા સુગરને આપવાનાં પ્રકરણમાં કોંગ્રેસે તપાસની માંગ કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહામંત્રી અને સુમુળની સાંધીએર દૂધ મંડળીના સભાસદ દર્શન નાયકે સ્ટેટ કો.ઓપરેટિવ રજિસ્ટ્રારને લેખિત ફરિયાદ મોકલી સુમુલનાના બોર્ડ વિરુદ્ધ સહકારી કાયદાની કલમ-૭૬(બી), ૮૬ અને ૯૩ ની કાર્યવાહી કરવા માંગ કરી છે.

સુમુલનાં ડિરેક્ટર નરેશ બી.પટેલ દ્વારા ઉકાઇ સુગર (વ્યારા) નાં સરકાર નિયુક્ત ઉપપ્રમુખ પદેથી રાજીનામા આપવાના પ્રકરણમાં સુમુલ ડેરી દ્વારા મહુવા સુગર પાસેથી 10,000 ટન મોલાસીસ પરચેઝ કમિટીમાં લાવ્યા વિના કે,ઇ ટેન્ડર વિના માનસિંહ પટેલ દ્વારા ખરીદવાના પ્રકરણમાં નરેશ ભીખાભાઇ પટેલ સહિત 9 ડિરેક્ટરો એ સુમુલ ના ચેરમેન માનસિંહ પટેલ અને એમડી. અરુણ પુરોહિતને લેખિત ફરિયાદ આપી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દાને કોંગ્રેસે ઉપાડી લઇ સ્ટેટ રજિસ્ટ્રાર કો.ઓપ. અને મુખ્યમંત્રીને ફરિયાદ કરી તપાસની માંગ કરી છે.દર્શન નાયકે સુરત - તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી (સુમુલ ડેરી) સુરતમાં ઇ-ટેન્ડરીંગની પ્રક્રીયા તથા બોર્ડ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરી વિના મહુવા સુગર ફેક્ટરીમાંથી ખરીદીકરવામાં આવેલા મોલાસીસની ખરીદી બાબતે જવાબદારો વિરૂધ્ધ ગુજરાત સહકારી કાયદાની કલમ-૭૬(બી), ૮૬ અને ૯૩ ની કાર્યવાહી કરવા માંગ કરી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (સુમુલ ડેરી) ના હાલના વહીવટ કર્તાઓ દ્વારા બોર્ડ અને બોર્ડ ઓફ ડિરેકસ્ટર્સના સભ્યોને વિશ્વાસમાં લીધા વિના જ અને સહકારી કાયદાઓ તેમાં નીતિનિયમોની ઉપરવટ જઈ મનસ્વી રીતે વહીવટ કરવામાં આવી રહ્યો છે. જે સુમુલ ડેરી સાથે સંકળાયેલ લાખો સભાસદો માટે હિતાવળ નથી.સુરત - તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ન અધ્યક્ષ અને શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.(મહુવા સુગર ફેક્ટરી)ના પ્રમુખ માનસિંહ પટેલ એક જ વ્યક્તિ છે. મહુવા સુગર ફેક્ટરીની ૧૦,૦૦૦ ટન મોલાસીસ એક સાથે સુમુલ ડેરીને ચુકવવાની કેપેસીટી નથી. તો શા માટે આટલી મોટી રકમ એડવાન્સમાં મહુવા સુગર ફેક્ટરીને ચુકવણી કરવામાં આવી છે? સરકારના પરિપત્ર મુજબ પાંચ લાખથી ઉપરની રકમની ખરીદી ઇ-ટેન્ડરીંગ પ્રક્રીયા અપનાવી કરવાની રહે છે. તો મહુવા સુગર ફેક્ટરીને આટલી મોટી રકમનો ઓર્ડર આપવા માટે ઇ-ટેન્ડરીંગની પ્રક્રીયા શા માટે અપનાવામા આવી નથી. દેખિતી રીતે ગુજરાત સરકારના પરિપત્રનો ભંગ થયેલ છે.સુમુલના બોર્ડમાં એને લગતો ઠરાવ પણ કરવામાં આવ્યો નથી. બોર્ડના કુલ્લે 17 ડીરેક્ટર્સ માંથી 9 ડીરેક્ટર્સ ધ્વારા આ નિર્ણયને બહાલી આપવામાં આવી નથી. બલ્કે, આવી ખરીદી સામે વાંધો લીધો છે.ત્યારે જિલ્લા રજીસ્ટર મિલ્ક ની તપાસ કરવાની સીધો ફરજ બને છે.એ ફરજ ચુકવામાં આવી છે.

સમગ્ર મામલામાં સુમુલ અને મહુવા સુગરનાં ચેરમેન દ્વારા પોતાના હોદાનો દુરૂપયોગ કરવામાં આવ્યો છે. એ જોતાં પશુપાલકોના હિતમાં ગુજરાત સહકારી કાયદાની કલમ-૭૬(બી), ૮૬ અને ૯૩ અન્વયે તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ.

# હીરાના વેપારીના ઘરમાંથી રૂપિયા 1 લાખ રોકડ ચોરનાર નોકર પકડાયો

**આરોપીને** છેલ્લા વીસ દિવસથી ઘરમાં સાફ સફાઈ માટે નોકરી પર રાખ્યો હતો


સુરત : શહેરના વેસુના વીઆઈપી રોડ પર આવેલા વેનીલા સ્કાય ખાતે રહેતા હીરાના વેપારીના ઘરમાં લાકડાના કબાટમાં રાખેલા રૂપિયા 1 લાખની રોકડની ચોરી કરી ફરાર થયેલા નોકરને આખરે અલથાણ પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યો હતો.

વેસુના વીઆઈપી રોડ પર આવેલા વેનીલા સ્કાય ખાતે હીરા વેપારી સંયમ પ્રવિણભાઈ કુકડીયા પરિવાર સાથે રહે છે. તેમના ઘરે ચંદન નામનો યુવક છેલ્લા 20 દિવસથી સાફ સફાઈ કરવા માટે આવતો હતો. 26મી ડિસેમ્બર 2024ના રોજ સંયમભાઈના કાકાની દીકરીના લગ્ન હતા, આથી કુકડિયા પરિવાર આમાં વ્યસ્ત હતો, આ દરમિયાન 14મી ડિસેમ્બરના રોજ સંયમભાઈની માતા ઘરના વોશરૂમના લાકડાના કબાટમાં રાખેલા 1 લાખ રૂપિયા રોકડા લેવા ગઈ હતી. પરંતુ તે ચોરાઈ ગયા હતા, આ સાથે નોકર ચંદન પણ ગુમ થઈ ગયો હતો, જેથી નોકરે પૈસાની ચોરી કરી હોવાની શંકા જતા હીરાના વેપારીએ અલથાણ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાવ્યો હતો. અને ચોરીની તપાસ કરી રહેલા સર્વેલન્સ સ્ટાફને મળેલી બાતમીના આધારે આરોપી નોકર ચદંનકુમાર અરૂણભાઈ મુખ્યા (રહે. એસએમસી આવાસ લાલજી નગરની સામે સરદારબ્રિજ પાસે અડાજણ)ને ઝડપી પાડ્યો હતો. આરોપી નોકર પાસેથી પોલીસે રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 1.11 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કોટ વિસ્તારમાં ઉતરાયણની મજા માણી શકાય તે માટે ગુજરાતમાં શરૂ થયું 'ટેરેસ ટુરિઝમ'

**મુંબઇના** પરિવારે અમદાવાદના ખાડિયાનું ધાબુ ઉતરાયણના બે દિવસ માટે 40,000ના ભાડે લીધું

સુરત : નવરાત્રિ પછી જો ગુજરાતમાં બીજો કોઇ રંગે ચંગે ઉજવાતી હોય તો તે બે દિવસની ઉતરાયણ છે. ઢીલ દે ઢીલ દે દે રે...ભૈયા ગીત અને કાય પો છે મૂવી સાબિતી આપે છે કે બોલીવુડ પર પણ આ તહેવારે અનોખી છાપ છોડી છે. અત્યાર સુધી કોટ વિસ્તારમાં આ તહેવારની મજા માણવા માટે ધાબા તો ભાડે અપાતા જ હતાં પરંતુ એક અમદાવાદીએ હવે આ તહેવારને સાંકળી લઈને શરૂ કર્યું છે 'ટેરેસ ટુરિઝમ'. આ કન્સેપ્ટ પહેલી વાર ઈન્ટ્રોડ્યુઝ થઈ રહ્યો છે અને મુંબઈના એક પરિવારે તો અમદાવાદના ખાડિયામાં ઉતરાયણની મજા માણવા



માટે બે દિવસ માટે 40,000 રૂપિયાના ખર્ચે ધાબુ ભાડે લીધું છે. ગુજરાતમાં અમદાવાદ અને અમદાવાદમાં ખાડિયા નામ પડે એટલે બીજી કોઈ ઓળખ આપવાની જરૂર પડતી નથી. સિર્ફ નામહી કાફી હૈ એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. ગુજરાતમાં અનામત વિરોધ આંદોલન અને ભાજપને ઊભો કરવામાં આ વિસ્તારનું યોગદાન ભૂલી શકાય તેમ નથી. આ જ રીતે આ વિસ્તાર આ વર્ષે એક અનોખી શરૂઆતનો સાક્ષી બની રહ્યો છે. અહીં રહેતા અજયભાઈ નામના એક વ્યક્તિએ શરૂ કર્યું છે ઉતરાયણ માટે 'ટેરેસ ટુરિઝમ'. તેઓ કહે છે કે, કોટ વિસ્તારમાંથી અનેક પરિવારો અન્યત્ર સ્થળાંતર કરી ગયા છે અને મકાનો એમ જ પડી રહ્યાં છે. તેની સાફ સફાઈ થાય અને આવક થાય તે હેતુંથી આ શરૂઆત કરવામાં આવી છે. એટલું જ નહીં અહીં બે દિવસ ઉતરાયણ ઉજવવા માટે આવનાર પરિવારને ચા, નાસ્તો, ભોજન, પતંગ, ફિરકી વગેરે સપ્લાય કરીને સ્થાનિક લોકો નાનકડી આવક પણ મેળવી શકે છે.

### પેકેજમાં આ વસ્તુઓ મળશે

- 1000 વાર દોરીની ફીરકી
- ફીરકી મૂકવા માટેનું સ્ટેન્ડ
- કિન્ના વગરના 20 પતંગ
- આંગળીના રક્ષણ માટે ટેપ 1 રોલ
- 1 વ્યક્તિ દીઠ 1 કેપ
- મીની સાઉન્ડ સિસ્ટમ
- મોબાઇલ ચાર્જિંગ પૉઇન્ટ
- વેલકમ ડ્રીંક તરીકે દૂધ
- બપોરનું ભોજન
- બપોરે ફ્રૂટ ચાટ
- સાંજે હાઇ ટી-નાસ્તો
- રાત્રે લાઇટ ડીનર

# રાજ્યના મોબાઈલ વિક્રેતાઓની 7.5 કરોડની કરચોરી મળી આવી

ગાંધીનગર : રાજ્યભરમાં જીએસટી વિભાગ દ્વારા મોબાઈલ ફોનના વેચાણ અને વેપાર સાથે સંકળાયેલા 74 જેટલા એકમો ઉપર સર્ચ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં તપાસ દરમિયાન વેપારીઓ દ્વારા ખોટી વેરાશાખ મેળવી અંદાજે 17.35 કરોડની કરચોરી કરી હોવાનું બહાર આવ્યું હતું.

સ્ટેટ જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે મોબાઈલ વિક્રેતા કંપનીઓમાં બાલાજી મોબાઈલ કંપની પાસેથી જે તે વખતે 2.8 કરોડથી વધુની જીએસટી ચોરી શોધી કાઢવામાં આવી હતી. આ વેપારી દ્વારા ઓક્ટોબર 2023માં જીએસટી ચોરીની કબુલાત કરી તપાસ બાદ 40 લાખની રકમ ભરપાઈ કરી હતી. જ્યારે બાકીની રકમ ચૂકવવા માટે બાહેધરી આપી હતી, પરંતુ આ રકમની ચૂકવણી કરી ન હતી.

# વલસાડમાં નર્સિંગ કોલેજના વિદ્યાર્થીનો ગળે ફાંસો ખાધો

વલસાડ : વલસાડ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીએ રૂમમાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળે છે. બીએસસી નર્સિંગ કોલેજમાં ચોથા વર્ષમાં અભ્યાસ કરતા રાજકોટના ભાવિન સુરેશભાઈ મૂળિયા તેમજ નાલંદા એપાર્ટમેન્ટમાં ભાડાના મકાનમાં મિત્રો સાથે રહેતો હતો. શનિવારે રૂમમાં પંખા ઉપર ઈલેક્ટ્રીક વાયરથી ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ભાવિને અગમ્ય કારણથી આત્મહત્યા કરી હતી. આ બનાવની જાણકારી મળતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વાપીના ઉપાશ્રયમાંથી તસ્કરો ભગવાનના ૨૪.૧૩ લાખના દાગીના ચોરી ગયા

**મુંબઈ** રહેતા ટ્રસ્ટીએ વાપી આવીને પોલીસમાં ફરિયાદ આપતાં ટાઉન પોલીસે ગુનો નોંધ્યો

વાપી : વાપીના ચલા મુક્તાનંદ માર્ગ ઉપર રંગઅવધુત સોસાયટીની બાજુમાં સર્વહિતકારક સંઘના ઉપાશ્રયમાં રાત્રે આઠ પૈકી છ રૂમના મુખ્ય દરવાજાના લોક તોડીને રૂમમાં રાખેલા કબાટોના લોકરોને તોડીને સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીને કુલ રૂપિયા ૨૪,૧૩,૫૦૦ની મત્તાની તસ્કરો ચોરી કરી ગયા હતા. વાપી ટાઉન પોલીસે ઉપાશ્રયના ટ્રસ્ટીની ફરિયાદને આધારે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે. વાપીના ચલા મુક્તાનંદ સ્થિત દેરાસર પાસે સર્વહિતકારક સંઘના ઉપાશ્રયમાં ગત રાત્રીએ તસ્કરોએ ઉપાશ્રયના આઠ રૂમ પૈકી છ રૂમના તાળા તોડીને લોકરોમાં મૂકેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડની ચોરી કરી હતી. જેમાં સોનાની ચેઈન, સળી, લગડી, વીટી, કંદોરો તેમજ નાના પદ્માવતી માતાના ચાંદીની ગીની અને મુંગટ, કુંડલ સહિત સોનાના રૂપિયા ૨૦,૪૦,૦૦૦ના દાગીના તેમજ ચાંદીના ૧,૩૫,૦૦૦ના દાગીના તેમજ ૨,૩૦,૦૦૦ રોકડા તથા ૪૫૦૦ દાનપેટીના તથા એક કેમેરાના ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૨૪,૧૩,૫૦૦ની તસ્કરો ચોરી કરી ગયા હતા.

શનિવારે સવારે મુંબઈમાં રહેતા તેમજ ઇન્ટીરીયર્સ ડેકોરેશનનો વેપાર કરતા ઉપાશ્રયના ટ્રસ્ટી દિવ્યેશ રાજેન્દ્ર શાહને સાધ્વીજી હર્ષજ્યોતિ મહારાજનાએ ફોન કરીને ઉપાશ્રયનાં દરવાજાના તાળા તૂટેલા હોવાનું તેમજ કબાટના તાળાઓ પણ તૂટેલા હોવાનું જણાવી ચોરી થયાની જાણકારી આપી હતી. ત્યાર બાદ મુંબઈથી ટ્રસ્ટી દિવ્યેશ શાહ વાપી આવ્યા બાદ અન્ય ટ્રસ્ટીઓ તથા પુજારી મનહરભાઈ સહિતના હાજરીમાં પોલીસને જાણકારી આપી હતી.

# પોલીસે ઢીલ મૂકતા જ વ્યાજખોરોનો આતંક ફરી શરૂ, કાપોદ્રામાં ફરસાણના વેપારીને વ્યાજખોરની ધમકી

**૧૦** ટકાના વ્યાજે લીધેલા ૫૦ હજાર ચૂકવી દીધા પછી પણ ફરસાણના દુકાનદારને ધમકી

સુરતઃ અશ્વનીકુમાર રોડ ખાતે ફરસાણનો ધંધો કરતા વેપારીએ ૧૦ ટકાના વ્યાજે ૫૦ હજાર લીધા હતા જે પૈસા વ્યાજ સહિત ચૂકવી આપ્યા હોવા છતાં તેમની પાસેથી વધુ વ્યાજની માંગણી કરી વ્યાજખોરો દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

કાપોદ્રા હીરાબાગ ખાતે આવેલા વિશાલનગર સોસાયટીમાં રહેતા દિનેશ ગોપાલભાઈ મેવાડાની હીરાબાગ જળક્રાંતી મેદાન પાસે સમર્થ કોમ્પેલક્સમાં ગણગુર નામની ફરસાણની દુકાન છે. તેમણે વ્યાજનો ધંધો કરતા મુકેશ કસોટિયા પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૫૦ હજાર લીધા હતા જે પૈસા વ્યાજ સહિત ચૂકવી આપ્યા હોવા છતાંયે મુકેશ કસોટીયા વધુ વ્યાજની માંગણી કરવા લાગ્યો હતો. એટલું જ નહીં ત્રણ સાગરીતો સાથે દિનેશભાઈની દુકાને જઈ વધુ વ્યાજની માગણી કરી ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી વેપારીએ આરોપીઓ મુકેશ સહિત ત્રણ સામે ફરિયાદ કરી છે.

# BZ ગ્રુપનો ભૂપેન્દ્રસિંહ ઝાલા પોલીસથી બચવા રોજ નવા સીમ કાર્ડ ખરીદતો

**અરવલ્લીથી** મધ્યપ્રદેશ અને ત્યાંથી રાજસ્થાન જઇને સંતાયો હતો

**જે** ફાર્મ હાઉસમાંથી ઝડપાયો તેમાં વાઇફાઇ, ટીવી અને ફ્રિઝની સુવિધા ઊભી કરાઇ હતી

ગાંધીનગર : બીઝેડ ગ્રુપના કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલાની ગઈકાલે સીઆઈડી ક્રાઈમે મહેસાણાના વિસનગર નજીકના દવાડા ગામમાં આવેલા ફાર્મ હાઉસમાંથી ઝડપી પાડ્યો હતો. સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ આખી રાત ભુપેન્દ્રસિંહ ઝાલાની પૂછપરછ કરી હતી. ભુપેન્દ્રસિંહ ઝાલા ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો, તે દરમિયાન રોજ નવા સીમકાર્ડ ખરીદતો હોવાનું બહાર આવ્યું છે. એટલું જ નહીં તે જે ફાર્મ હાઉસમાં દસ દિવસ સુધી રોકાયો હતો તેમાં વાઈફાઈ, ટીવી અને ફ્રિઝ સહિતની સગવડો ઊભી કરવામાં આવી હતી

સીઆઈડી ક્રાઈમ દ્વારા ભુપેન્દ્રસિંહ ઝાલાની ગઈકાલે આખી રાત પૂછપરછ હાથ ધરાઈ હતી. જો કે આ પુછપરછ દરમિયાન તેણે કોઈ મહત્વની વાત પોલીસ સમક્ષ કરી હોય તેવું હજુ સુધી બહાર આવ્યો નથી. 6,000 કરોડનો કૌભાંડ બહાર આવ્યા બાદ ભુપેન્દ્રસિંહ ઝાલા પોલીસથી બચવા ક્યાં ક્યાં સંતાયો હતો ? તેની વિગતો પોલીસે મેળવી હતી.

મળતી માહિતી મુજબ તે અરવલ્લી થઈ મધ્યપ્રદેશ ગયો હોવાનું અને ત્યાંથી રાજસ્થાનમાં સંતાયો હોવાની વિગતો બહાર આવી હતી. કૌભાંડ બહાર આવ્યા બાદ તે પોલીસથી બચવા સતત નવા સીમકાર્ડ ખરીદતો હતો, અને તેના પરિવારજનો તેમજ તેના ખાસ અંગત મળતીયાઓ સાથે સતત સંપર્કમાં રહી વિગતો મેળવતો હતો.

આ ઉપરાંત ભુપેન્દ્રસિંહ ઝાલાને આશ્રય આપનાર કિરણસિંહની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલા કિરણસિંહના વિસનગર નજીક આવેલા દવાડા ગામમાં ફાર્મ હાઉસમાં રોકાયો હતો. કિરણસિંહની આ કૌભાંડમાં સંડવણી છે કે કેમ ? તે પોલીસે તપાસ શરૂ કરી છે.



### ભૂપેન્દ્રસિંહ ઝાલા દવાડા ગામમાં કિરણસિંહના ફાર્મ હાઉસમાં દસ દિવસ સુધી રોકાયો હતો

પોલીસે આ ફાર્મ હાઉસમાં દરોડો પાડીને ગઈકાલે ભુપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કરી હતી. ફાર્મ હાઉસમાં ભુપેન્દ્રસિંહ ઝાલા માટે વાઇફાઇ, ટીવી, ફ્રીજ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. ત્રણ તબક્કામાં ભુપેન્દ્રસિંહ ઝાલા આ ફાર્મ હાઉસમાં દસ દિવસ સુધી રોકાયો હતો. ભુપેન્દ્રસિંહ ઝાલા અને કિરણ સિંહ એક જ સમાજના હોવાથી એકબીજાને ઓળખતા હતા અને કિરણસિંહે તેના ફાર્મ હાઉસમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાને શરણ આપી હતી.

### ભૂપેન્દ્રસિંહને શરણ આપનાર કિરણસિંહની અટકાયત

BZ ગ્રુપના 6,000 કરોડના કૌભાંડના આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલાને પોતાના ફાર્મ હાઉસમાં આશરો આપનાર કિરણસિંહ ચૌહાણની સીઆઇડી ક્રાઇમ દ્વારા અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે. ભુપેન્દ્રસિંહ ઝાલાની ગઈકાલે સીઆઈડી ક્રાઈમની ટીમએ મહેસાણાના વિસનગર નજીકના દવાડા ગામના ફાર્મ હાઉસમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ ફાર્મ હાઉસ કિરણસિંહ ચૌહાણનું હોવાનું બહાર આવતા પોલીસે કિરણસિંહ ચૌહાણની પૂછપરછ હાથ ધરી છે. કિરણસિંહ ચૌહાણની બીઝેડ કૌભાંડમાં સંડોવણી છે કે કેમ? તે દિશામાં પોલીસે પૂછપરછ હાથ ધરી છે. આ ઉપરાંત કયા કારણોસર કિરણસિંહએ ભુપેન્દ્રસિંહ ઝાલાને પોતાના ફાર્મ હાઉસમાં આશરો આપ્યો? તે અંગેની વિગતો મેળવવા પણ પોલીસે પ્રયાસ શરૂ કર્યા છે. ભુપેન્દ્રસિંહ ઝાલા કિરણસિંહના આ ફાર્મ હાઉસમાં લગભગ દસ દિવસ સુધી રોકાયા હોવાનું બહાર આવ્યું છે.

### BZ કૌભાંડમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાના સાત દિવસનાં રિમાન્ડ મંજૂર

ગાંધીનગરઃ ગુજરાતભરમાં ચકચાર જગાવનાર બીઝેડ ગ્રુપના 6000 કરોડના કૌભાંડના મામલે ભુપેન્દ્રસિંહ ઝાલાના સાત દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. બીઝેડ ગ્રુપના 6000 કરોડના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા ભુપેન્દ્રસિંહ ઝાલાની ગઈકાલે ધરપકડ કરવામાં આવી હતી. ભૂપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ બાદ સીઆઈડી ક્રાઈમના તપાસ અધિકારીએ આજે ઝાલાને રિમાન્ડ માટે રજૂ કરી 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. તમામ રજૂઆતોના અંતે કોર્ટે ભુપેન્દ્રસિંહ ઝાલાના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ રિમાન્ડ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા બહાર આવે તેવી પોલીસને આશા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### કઈ ટ્રેન ઉધના...

| | |
|---|---|
| 22737 | SC-HSR |
| 22991(19055) | BL JODHPUR EXP |
| 9519 | MDU-OKHA TOD SPL |
| 22137 | NGP-ADI PRERANA EXPRESS |
| 20819 | PURI-OKHA WEEKLY EXP. |
| 20803 | VSKP-GIMB WEEKLY EXP |
| 22723 | NED-SGNR WEEKLY EXP |
| 9576 | MBNR - RJT SPL |
| 22974 | PURI - GIMB SUF |
| 22935 | BDTS - PIT SUF |
| 22963 | BDTS BVC SF |
| 12959 | BDTS BHUJ SF EXP |
| 22989 | BDTS MHV SF |
| 12995 | BDTS AII EXP |
| 22909 | BL - PURI SUF |
| 19417 | BVI ADI EXP |
| 12971 | BHAVNAGAR EXPRESS |
| 9415 | BDTS-GIMB SF SPL |

### કઈ ટ્રેન...

| | |
|---|---|
| 22931 | BDTS - JSM EXPRESS |
| 12925 | PASCHIM EXPRESS |
| 12480 | SURYA NAGARI EXP |
| 22919 | MAS - ADI HUMSAFAR EXP |
| 20953 | MAS ADI EXPRESS |
| 12493 | PUNE-NZM AC EXP |
| 12263 | NZM DURANTO EXP |
| 9420 | TPJ-ADI TOD SPL |
| 19217 | BDTS - VRL EXP |
| 22474 | BDTS BKN EXP |
| 20931 | KCVL INDORE EXP |
| 20923 | TEN-GIMB HUMSAFAR EXP |
| 7053 | KCG-LGH SPL |
| 22961 | MMCT-ADI VANDE BHARAT SF |
| 20484 | DDR BGKT EXP |
| 12989 | DDR AII EXP |
| 12490 | DDR BKN EXP |
| 82901 | BCT - ADI TEJAS EXPRESS |
| 20907 | DDR - BHUJ SF EXPRESS |
| 12951 | TEJAS RAJDHANI |
| 12953 | AUG KR TEJAS EXP |
| 22933 | BDTS JP EXPRESS |
| 12979 | BDTS JP EXP |
| 16733 | RMM-OKHA EXP |
| 12909 | BDTS - NZM GARIBRATH |
| 12247 | BDTS - NZM YUVA |
| 12907 | BDTS - NZM GARIBRATH |
| 22690 | YPR-ADI SUF EXPRESS |
| 22955 | KUTCH EXPRESS |
| 12903 | GOLDEN TEMPLE |
| 22413 | MAO-NZM RAJDHANI EXPRESS |
| 22633 | NIZAMUDDIN EXP |
| 12431 | TVC-NZM RAJDHANI EXP |
| 12955 | BCT - JP EXP |
| 22943 | DAUND - INDORE EXPRESS |
| 21901(19009) | BDTS - BME HUMSAFAR EXP |
| 19203 | BDTS - VRL WEEKLY EXPRESS |
| 20919 | MAS - EKNR S.F. EXP |
| 4712 | BDTS-BKN EXP SPL |
| 12449 | GOA SMPRK K EXP |
| 20955 (19255) | SURAT - MAHUVA EXP |
| 12921 | FLYING RANI |

### એક જ દિવસમાં...

ડિગ્રી સુધી નીચે ગગડી જશે. એટલે કે આગામી દિવસમાં કાતિલ ઠંડીની ચેતવણી ઈશ્યુ કરી દેવાઈ છે. હવે આગામી 24 કલાકમાં ગુજરાતનું વાતાવરણ ઝડપથી પલટો મારવા જઈ રહ્યું છે. આવતીકાલ 29 ડિસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં આકરી ઠંડી પડશે. 3 થી 10 જાન્યુઆરી દરમિયાન ઉત્તર પર્વતીય વિસ્તારમાં હીમ વર્ષાના કારણે ગુજરાતમાં ઠંડી વધશે. ઉત્તર ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં 10 થી 8 ડિગ્રી ઠંડી નોંધાય તેવી વકી રહેલી છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં, મધ્ય ગુજરાતમાં ઠંડી વધશે. ગાંધીનગરનું ન્યૂનતમ તાપમાન ૮ ડિગ્રી પહોંચી શકે છે.

આજે 28 ડિસેમ્બર સુધીમાં ગુજરાત માવઠારૂપી મુસિબતમાંથી મુક્ત થઈ જશે. જેના બીજા દિવસ એટલે કે આવતીકાલ 29 ડિસેમ્બરથી ઠંડીનું જોર વધવાથી શિયાળો જામશે. કોલ્ડ વેવના કારણે 31 ડિસેમ્બર સુધી શિયાળાની સૌથી વધુ ઠંડી પડી શકે છે. રાજ્યમાં જ્યારે 5 થી 15 જાન્યુઆરી દરમિયાન રેકોર્ડ બ્રેક કાતિલ ઠંડીનો રાઉન્ડ આવશે. હવામાન વિભાગે હવે માવઠાની ચેતવણી હટાવી લીધી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે અમદાવાદમાં 17 ડિ.સે., ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 16 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે., વડોદરામાં 18 ડિ.સે., સુરતમાં 18 ડિ.સે., ભૂજમાં 10 ડિ.સે., નલિયામાં 4 ડિ.સે., કંડલા પોર્ટ પર 13 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 10 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., મહુવામાં 16 ડિ.સે. અને કેશોદમાં 10 ડિ.સે. લઘુતમ તાપમાન નોંધાયું હતું.

### સુરતમાં ધુમ્મસભર્યા...

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી 48 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થશે અને ઠંડીમાં ઘટાડો થશે. પરંતુ સુરત શહેરમાં તો આજે સવારથી ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન બે ડિગ્રી ઘટીને 26.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 18.4 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 72 ટકા ભેજની સાથે 6 કિમીની ઝડપે ઉત્તરનો પવન ફુંકાયો હતો.

### દુકાનના નાણાં...

અધિકારીઓ અને કર્મચારીઓ પોલીસ પ્રોટેક્શન સાથે બે વખત કોમ્પલેક્ષનો કબજો ખાલી કરાવવા ગઈ હતી. પરંતુ અસામાજીક તત્વોએ કબજો આપ્યો ન હતો. અને વિલા મોઢે પાલિકા પરત ફરી હતી. દરમિયાન વર્ષ 2022માં બિમલ શાહે વ્યાજ સહિત દુકાનનું પેમેન્ટ પરત મેળવવા પાલિકાને નોટિસ આપી હતી. પરંતુ પાલિકાએ બિમલ શાહને રૂ.5,13,582નો ચેક આપ્યો હતો. જે ચેક બિમલ શાહે એસ એમ સી ને પરત કરી દીધો હતો.

અને બિમલ શાહે વર્ષ 2023 ના 8 મા મહિને એડવોકેટ કમલ અસારાવાલા મારફતે વ્યાજ સહિત દુકાનનું પેમેન્ટ પરત મેળવવા પાલિકા સામે કોર્ટમાં દાવો કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતાં બીજા એડિશનલ સિવિલ જજ વીનીતા કે ચરણે વાદી બિમલ શાહને રૂ.5.61 લાખ 18 ટકા વ્યાજ સાથે ચુકવવા પાલિકાને આદેશ કર્યો હતો. આ ઉપરાંત દુકાન નો કબજો નહીં આપીને વાદીને જે નુકશાન થયું તે બદલ સુરત મહાનગર પાલિકાને રૂ.5 લાખનો દંડ પણ કર્યો હતો.

### પત્ની અને...

લઈને તુટી પડ્યો હતો.ગળાના ભાગે માતા - પિતાને ચપ્પુના ઘા મારતાં માતા ડઘાઈ ગયા હતા અને દોડીને ઘરની બહાર નીકળીને બુમબરાડા પાડતાં અડોશ પડોશના લોકો પણ એકઠાં થઈ ગયા હતા. બીજી તરફ પરિવારજનો પર હુમલા બાદ સ્મીત દ્વારા પોતે પણ આપઘાતનું નાટક કર્યું હતું. પડોશીઓ દ્વારા જો કે સમયસર ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં માતા-પિતાની સાથે સ્મીતને પણ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આજે સવારે પિતા લાભુ જીયાણી અને સ્મીતની તબિયતમાં સુધારો થતાં બંનેને જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. જો કે, માતા વિલાસ જીયાણીની હાલત હજી પણ નાજુક હોવાને કારણે તેઓને વેન્ટિલેટર પર જ રાખવામાં આવ્યા છે.

### ગૃહ કંકાશ...

આવી રહી છે. બીજી તરફ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં ઘટનાની આગળની રાત્રે પણ પરિવારજનો વચ્ચે ઝઘડો થયો હતો અને આ ઝઘડાને પગલે જ સ્મીત દ્વારા વહેલી સવારે તમામને મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પત્ની અને ચાર વર્ષના બાળકનું મોત નિપજ્યું હતું જયારે માતા - પિતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### પત્ની સ્મીતને...

છાશવારે ઝઘડો થતો હોવાનું જાણવા મળ્યું છે અને ગોઝારા હુમલાની આગળની રાત્રે પણ પત્ની અને માતા વચ્ચે ઝઘડો થયો હોવાનું જાણવા મળ્યું છે.